ક્રમાંકઃ વનપ-૧૦૨૦૦૫-૧૭૬૩-છ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ - 7 MAR 2006

પ્રતિ,
સર્વે કલેક્ટરશ્રી/જીલ્લા વિકાસ અધિકારીશ્રી,
____________ જિલ્લો

વિષયઃ- રાષ્ટ્રિય સામાજિક સહાય હેઠળની નવા નામાભિમાનવાળી સંકટ મોચન યોજના(રાષ્ટ્રીય કુટુંબ યોજના) ની વહીવટી મંજુરી અંગે.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય બાબતે જણાવવાનું કે ,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૬/૧/૦૫ ના ઠરાવ ક્રમાંકઃ એનએસએપી/ ૧૦૨૦૦૨/ આઈ/ ૨૪૬/છ, થી રાષ્ટ્રીય સામાજિક કાર્યક્રમ હેઠળની નવા નામાભિધાનવાળી સંકટ મોચન યોજના (રાષ્ટ્રીય કુટુંબ યોજના)ને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

ઉક્ત નવા નામાભિધાનવાળી સંકટ મોચન યોજના (રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના) ના ઠરાવમાં સહાય મેળવવા માટે તા.૮/૧૧/૦૫ ના ઠરાવ ક્રમાંકઃએનએસએપી/૧૦૨૦૦૨/આઈ/૨૪૬-છ અન્વયે તા.૬/૧/૨૦૦૫ ના ઉક્ત ઠરાવની ફકરા-૨ (૫) પછી નવી શરત -૨ (૬) ઉમેરવામાં આવી છે સદરહું જોગવાઈ મુજબ કુટુંબની મુખ્ય કમાનાર વ્યક્તિનું અવસાન થાય ત્યારથી બે વર્ષની સમય મર્યાદામાં અરજદારે અરજી કરવાની રહે છે.

ઉક્ત બાબતે કેટલીક જીલ્લા પંચાયતો દ્વારા સંકટ મોચન યોજના અન્વયે માર્ગદર્શન માંગેલ છે આ સબંધમાં સ્પષ્ટતા કરવાની કે સંકટ મોચન યોજના હેઠળની સહાય મેળવવા માટે જ્યારે અગાઉ કોઈ સમય મર્યાદા નકકી થયેલી જ નહોતી ત્યારે જે વ્યકિતએ પોતાની રીતે ગમે ત્યારે અરજી કરી હોય તેનો બાધ લઈ શકાય નહિ. જયારથી સમય -મર્યાદા નકકી થઈ ત્યાર પછીજ સમય મર્યાદા લાગુ પડે,તે અગાઉ મળેલ અરજીઓમાં સમય મર્યાદાના બાધ સિવાય ગુણદોષને આધારે નિર્ણય લવાનો રહેશે.

તે મુજબ આપની સત્તા મર્યાદામાં જરુરી કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(કે.એલ.તબિયાર)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાનાઃ
નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું,
બ્લોક નં ૧૬, જૂના સીચવાલય, ગાંધીનગર આપના તા. ૧૭/૧/૦૬ ના પત્ર ક્રમાંકઃ નવપ-૦૫/૦૬/૩૮૬ ના અનુસંધાને જાણ અર્થે.

સીએચએચ૧

નવય/સકા/૦૬/૦૭/૮૯૧૪
નિયામક, સમાજ સુરક્ષા ખાતુ
બ્લોક ૧૬, જુના સચિવાલય,
ગાંધીનગર [illegible] ૨૦૦૬

જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે,
1. કલેક્ટરશ્રી, તમામ જીલ્લા ____ (તમામ)
2. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત. ____ (તમામ)
3. પ્રાન્ત અધિકારીશ્રી ____ પ્રાન્ત કચેરી ____ (તમામ)
4. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી ____ (તમામ)
5. મ્યુ. કમિશ્નરશ્રી મ્યુ. કોર્પોરેશન, અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતું [ગુ. રાજ્ય]
ગાંધીનગર